# પદ્મશ્રી ભીખુદાન ગઢવીનો લોકડાયરો તેમજ હલ્દી કંકુ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં શુક્રવાર તા. ૧૪-૯-૧૮ના રોજ બપોરે ૧.૩૦ વાગે જ્યોતિ મહિલા મંડળનાં ઉપક્રમે બહેનો માટે હલ્દીકંકુ, ભજન આરતી સુશોભન, મોદક સ્પર્ધા અને ફૂલદાની સુશોભન જેવી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. જેમાં ૫૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના ઈનામ વિતરણ પ્રસંગે મુખ્ય મહેમાનો કડી સર્વ વિદ્યાલયના કૌશલ્યાબેન પરીખ, ગણેશ મહોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ અને અતિથિ વિશેષ ડૉ. તેજલ દલાલ, સંસ્થાના સ્થાપક પ્રમુખ લતાબેન ચોકસી, પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ, નીરૂબેન નાયક ઉપસ્થિત રહ્યા હતા. મહાનગરપાલિકાની કોર્પોરેટર બહેનોએ ખાસ હાજરી આપી હતી.






તારાબેન પટેલ, શકુંતલાબેન પટેલ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. યોજાયેલ સ્પર્ધાઓના નિર્ણાયકો જ્યોત્સનાબેન બુચ, જૈમીની ભટ્ટ, આરતી ભટ્ટ, વીણા વોરા, પરમજીત કૌર, શર્મિષ્ઠાબેન દવે હતા.

સેક્ટર-૨૨ના સાર્વજનિક ગણેશોત્સવમાં બપોરે જ્યારે મહિલાઓએ ભજન-આરતી સુશોભનથી ગણપતિ દાદાને રીજવ્યા ત્યાં રાત્રે પદ્મશ્રી ભીખુદાનભાઈએ ગાંધીનગરને કસુંબી રંગમાં રંગી દીધું હતું.

આ લોકડાયરામાં અત્યંત વિશાળ સંખ્યામાં સે. ૨૨ ગણેશોત્સવ ખાતે માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. લોકોએ મંત્રમુગ્ધ થઈ સાહિત્યકાર પદ્મશ્રી ભીખુદાન ગઢવીના ડાયરાને માણ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પદ્મશ્રી ભીખુદાન ગઢવીનું સંસ્થાના અધ્યક્ષ નિશિતભાઈ વ્યાસ, સમગ્ર કાર્યક્રમના કન્વીનર જયરાજસિંહ સરવૈયા તેમજ ડૉ. ચેતનાબેન બુચ દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગણપતિ દાદાની પૂજા અર્ચના કર્યા બાદ મોડી રાત સુધી ભીખુદાન ગઢવી દ્વારા હાસ્ય તથા લોકગીતોનું રસપાન કરાવવામાં આવ્યું હતું.

### વિવિધ સ્પર્ધાના વિજેતાઓ

| આરતી સુશોભન | ફૂલદાની સુશોભન | ભજન સંધ્યા | મોદક સ્પર્ધા |
|---|---|---|---|
| ઉર્મિલાબેન ઝાલા | અંતરબા બિહોલા | ફોરમ મંડળ | ધારા કાલરીયા |
| દીપલીબા | નર્મદાબેન પટેલ | ગોપી મંડળ | સબેરા દેસાઈ |
| નર્મદાબેન પટેલ | - | કૃષ્ણ મંડળ | કડી સંકુલ હોસ્ટેલ |

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મમતાબેન રાવલે અને આભારવિધિ હર્ષાબા ધાંધલે કરી હતી. કોકિલાબેન નાયક, રમીલાબેન મિસ્ત્રી, જ્યોત્સનાબેન મણીયાર,

# શહેરમાં આચાર્ય માટે પસંદગી પામેલા ઉમેદવારોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

આજરોજ શહેરની જે.એમ.ચૌધરી સંકુલ ખાતે રાજયભરમાંથી આચાર્ય માટે પસંદગી પામેલા ઉમેદવારોની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે વિવિધ શૈક્ષણિક સંગઠનોના પદાધિકારીઓ, આચાર્યો અને રાજયભરમાંથી ૩૦૦ થી વધુ ઉમેદવારો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેર સેકટર-૭ ચૌધરી શાળા ખાતે રાજયમાં ખાલી પડેલી ૨૩૨૯ આચાર્યોની જગ્યા ઝડપથી ભરાય તે માટે પસંદગી પામેલા ઉમેદવારો એકત્રીત થયા હતા. આ બેઠકમાં હરીભાઈ ચૌધરી, તેમજ રાજય સંચાલક મંડળના પ્રમુખ નારાયણભાઈ પટેલ, આચાર્ય ભરતી સમિતીના સદસ્ય ડો.એમ.યુ.ટમાલીયા, મનુભાઈ પાલરા સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે નારાયણ ભાઈ પટેલે ભરતીમાં રૂકાવટ શા માટે તેમજ કોર્ટ મેટર અંગે માર્ગ દર્શન પુરુ પાડ્યું હતું. ભરતી પ્રક્રિયા ઝડપથી શરુ થાય તે અંગે ના તેમના મંતવ્યો રજુ કર્યા હતા. જયારે ભરતી સમિતિના સદસ્યોએ કોર્ટ મેટર અંગે ઝડપી ચુકાદો આવે અને ભરતી ઝડપથી થાય તેવી રજુઆત સરકારમાં કરવાની ખાત્રી આપી હતી. ત્યારે હાજર સૌ કોઈ ઉમેદવારોનો એક જ મત હતો કે ગમે તે પરિસ્થિતિમાં શિક્ષણ વિભાગ દ્વારા આચાર્યની ભરતી ઝડપથી કરવામાં આવે. જેથી રાજયની ૨૩૨૯ શાળાઓને નવા આચાર્ય મળે. આ બેઠકનું આયોજન ભાવેશભાઈ, યુવરાજસિંહ, બ્રિજેશ સિંહ, વિનોદભાઈ સહિતના યુવાન ઉમેદવારોએ સફળતા પૂર્વક કર્યું હતું.

# વિધાનસભાને થ્રી લેયર સુરક્ષા કવચ..!

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત વિધાનસભાનું બે દિવસીય ચોમાસું સત્ર મંગળવારથી શરૂ થનાર છે ત્યારે કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા વિધાનસભા ઘેરાવના કાર્યક્રમને પગલે પોલીસે વિધાનસભાની સુરક્ષા થ્રી લેયર કરી દીધી છે. ગાંધીનગર રેન્જના ચાર જિલ્લા ઉપરાંત કરાઈ અકાદમીમાંથી પણ તાલીમી પોલીસને વિધાનસભા બંદોબસ્ત માટે બોલાવી લેવામાં આવ્યા છે. કોંગ્રેસનો વિધાનસભા ઘેરાવ કાર્યક્રમ નિષ્ફળ બનાવવા પોલીસે અલગથી બંદોબસ્ત સ્કિમ તૈયાર કરી છે. જેમાં એસપીના સુપરવિઝન હેઠળ ૫૦૦ થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ બસમાં તેનાત રહેશે અને પાંચ અલગ અલગ એન્ટી મોરચા

**સત્રના દિવસે કોંગ્રેસના વિધાનસભા ઘેરાવના કાર્યક્રમને પગલે લોખંડી પોલીસ બંદોબસ્ત રહેશે : વિધાનસભા આસપાસ ૫ એન્ટી મોરચા સક્રિય રહેશે**

સ્કવોર્ડ સક્રિય રહેશે.

ગુજરાત વિધાનસભાના બે દિવસીય ચોમાસુ સત્ર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસે એક રૂટિન બંદોબસ્ત તૈયાર કર્યો છે જે વિધાનસભાનો અને સચિવાલયનો બંદોબસ્ત કવર કરશે. આ બંદોબસ્તમાં એક એસ.પી, ચાર ડીવાયએસપી, ૧૫ પી.આઈ,૩૦ પી.એસ.આઈ, ૨૫૦ પોલીસ, ત્રણ કંપની એસ.આર.પી, ૭૦ મહિલા પોલીસ, ૨૦ ટ્રાફિક પોલીસ, બે ટીમ બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્કવોર્ડ અને એક કિવક રિસ્પોન્સ ટીમ તૈનાત કરવામાં આવશે. વિધાનસભાના બે દિવસીય ચોમાસું સત્રને પ્રારંભે કોંગ્રેસ દ્વારા વિવિધ મુદાઓને અનુસંધાને વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જેને ગંભીરતાથી લઈને પોલીસ દ્વારા વિધાનસભાને થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે. કોંગ્રેસના વિધાનસભા ઘેરાવ કાર્યક્રમ ને પગલે પોલીસ દ્વારા અલગથી બંદોબસ્ત સ્કિમ તૈયાર કરવામાં આવી છે. જેમાં એક એસ.પી, ૫ ડીવાયએસપી,૧૦ પીઆઈ, ૩૫ પી.એસ.આઈ, ૪૦૦ પોલીસ, ૭૦ મહિલા પોલીસ અને બે કંપની એસ.આર.પી મળીને ૫૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ અધિકારીઓને અલગથી બંદોબસ્તમાં મુકવામાં આવ્યા છે. આ પોલીસ પૈકી પાંચ અલગ અલગ એન્ટી મોરચા સ્કવોડ બનાવવામાં આવી છે જે વિધાનસભાની અંદર, વિધાનસભાના પ્રવેશદ્વારે તથા સત્યાગ્રહ છાવણી સહિતના અલગ-અલગ સ્થળોએ તેનાત રાખવામાં આવશે. ગાંધીનગર રેન્જના ચાર જિલ્લા ઉપરાંત પોલીસ અકાદમી કરાઈમાંથી પણ તાલીમી પોલીસને બંદોબસ્તમાં ગોઠવી દેવામાં આવ્યા છે.

## સેકટર-૧૭માં માર્ગ બનાવવા તંત્રને રાજધાની વસાહત સેવા મંડળની રજુઆત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે બે ત્રણ વર્ષ અગાઉ સેકટરના આંતરીક માર્ગનું નવિનીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હજુ સુધી સેકટરના માર્ગોનું કામ હાથ ધરાયું નથી.ત્યારે શોંપીગ સેન્ટર પાસે જર્જરીત માર્ગને પગલે પાણી ભરાઈ રહેવાના કિસ્સા સામે આવે છે.જયારે પ્લોટ નં-૯૧ પાસે પાણીના ખાબોચીયા ભરાઈ રહેતા ચોમાસા જેવી સ્થિતિનું નિર્માણ થાય છે. જેથી નગરજનો અને વસાહતીઓને આવન-જાવનમાં ખુબ તકલીફનો સામનો કરવો પડે છે. જુના સેકટરોમાં માર્ગનું કામ હાથ ધરવામાં આવ્યું નથી. સેકટરના ઘણા માર્ગો ઉબડ-ખાબડ બની જવા પામ્યા છે. ત્યારે આગામી નવરાત્રીનો તહેવાર છે જેથી નાગરીકોને આવન-જાવનમાં તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે નવરાત્રી પહેલા જુના સેકટરોના રોડ બનાવવામાં આવે તેવી લેખિત રજુઆત તંત્ર સમક્ષ રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે કરી છે.

## આજે આચાર્ય સુનીલસાગરજીના દર્શાનાર્થે નરેશ કનોડિયા આવશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં સેક્ટર-૨૧ ખાતે દિગંબર જૈન દેરાસર ખાતે બિરાજમાન આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજના દર્શનાર્થે આવતીકાલે તા. ૧૭મી સપ્ટેમ્બર સોમવારે સવારે ૯.૧૫ કલાકે ગુજરાતી ફિલ્મ સૃષ્ટિના ખ્યાતનામ કલાકાર નરેશભાઈ કનોડિયા તથા ઈડરના ધારાસભ્ય હિતુભાઈ કનોડિયા પધારશે.

# સેક્ટર-૭/ડી માં દોઢ માસમાં ચાર ચોરીના બનાવો : વસાહતીઓમાં ભય

**ગાંધીનગર શહેરીજન સંસ્થા દ્વારા પોલીસ પેટ્રોલીંગ વધારવા રજુઆત**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૭ ડી ખાતે ચોરીઓનો ઉપદ્રવ ફરીવાર વધી ગયો છે. ચોર ઈસમો દ્વારા માત્ર દોઢ માસના ટુંકા ગાળામાં ચાર જેટલા ચોરીના નાના મોટા બનાવો બનવા પામ્યા છે. ત્યારે ચોર ટોળકીએ સે-૭ ડી ને બીજીવાર નિશાન બનાવી હોય તેમ લાગી રહ્યું છે. ચોરીના બનાવોને પગલે વસાહતીઓમાં ભયની લાગણી ફેલાઈ ગઈ છે.ત્યારે સે-૭ ડી ગાંધીનગર શહેરીજન સંસ્થા દ્વારા પોલીસ તંત્રને રાત્રી પેટ્રોલીંગ વધારવા માંગ કરાઈ છે.

થોડા વર્ષો અગાઉ સે-૭ ડી ના રહેણાંક વિસ્તારને ચોર ટોળકીએ ટાર્ગેટ કરી કર્યો હતો. માત્ર ત્રણ જ મહિનામાં ૩૬ ચોરીના કિસ્સા સામે આવ્યા હતા. વસાહતીઓમાં ભયનો માહોલ




ઉભો થયો હતો. વસાહતીઓ દ્વારા રાત્રી રાઉન્ડ શરુ કર્યા હતા. પરંતુ મોટી ઉંમરના વયોવૃધ્ધ નાગરીકો રહેતા હોવાથી પોલીસને રજુઆત કરતા પોલીસ તંત્રએ બે હોમગાર્ડ ચીપટાઈપ શોંપીગ પાસે ગોઠવ્યા હતા. તેમજ રાત્રીના સમયે પોલીસનું પેટ્રોલીંગ પણ વધારી દીધુ હતું. જેથી ચોરીઓ ના બનાવ અટકી ગયા હતા. ત્યારે ફરીવાર ચોરીના બનાવો બનતા સેકટર-૭ ડી શહેરીજન સંસ્થા દ્વારા પોલીસ તંત્રને ફરીવાર યોગ્ય વ્યવસ્થા કરવા જણાવ્યું છે.

# ચૌધરી કોલેજમાં વિદ્યાર્થિનીઓ માટે મહિલા ઉદ્યોગ સાહસિકતા સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૭ સ્થિત ચૌધરી કોમર્સ કોલેજના વુમન




ડેવલપમેન્ટ સેલ અંતર્ગત વિદ્યાર્થીનીઓમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો ખીલે તે માટે 'વુમન એન્ટર પ્રિન્યોરશીપ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુવન રાવલે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

સેમિનારમાં ભુવન રાવલે વિદ્યાર્થીનીઓને ભારતીય સંસ્કૃતિની પ્રાચીન મહિલા શક્તિના સચોટ દૃષ્ટાંત સાથે મહિલા સશક્તિકરણની વાત કરી તેમને ઉદ્યોગ સાહસિક બનવા પ્રેરિત કર્યા હતા. આ સાથે તેમણે મહિલાઓને બ્યુટિપાર્લર, સીવણ, શિક્ષણ વગેરેની આવડત કેળવી સ્વનિર્ભર બની શકાય તેવુ જણાવતા ઉદ્યોગ સાહસિક બનવા મૂડી એકઠી કરવાના રસ્તા અંગે માહિતગાર કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સીડબલ્યુડીસીના કો-ઓર્ડિનેટર પ્રો. દિશા પોપટ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમણે વિદ્યાર્થીનીઓને આજના યુગમાં નોકરી કરતા પોતાના સ્વઉદ્યોગને પ્રોત્સાહન આપવુ, મહિલા માટે આત્મવિશ્વાસ અને અનો સ્વનિર્ભરતા વધારનારૂ હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમના સમાપને પ્રો. પ્રકૃતિ જોષીએ આભારદર્શન વ્યક્ત કર્યુ હતુ.

## સે-૧૨ સિવિલ કેમ્પસમાં રામદેવપીર મહારાજના મંદિરે સંતવાણી કાર્યક્રમ

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સિવિલ કંમ્પાઉન્ડ ખાતે આવેલા રામદેવપીર ધામમાં શ્રી રામદેવપીર મહારાજના નેજા (નિશાન) તથા સંતવાણી કાર્યક્રમ તા. ૧૭ સપ્ટેમ્બરને સોમવારના રોજ રાત્રે ૯ કલાકે ભજન તેમજ સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. જયારે ભાદરવા સુદ નોમને તા. ૧૮ સપ્ટેમ્બરને મંગળવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રામદેવપીર મહારાજના નેજા ચઢાવવામાં આવશે. જેમાં પહેલું નિશાન (નેજા) વાવોલ ગામના વિક્રમસિંહ ગોલના હસ્તે ચઢાવવામાં આવશે.ત્યારબાદ અન્ય ૧૦ ભકતો નેજા ચઢાવશે.

## સે-૨૨ આર્યુવેદ હોસ્પિટલ દ્વારા વિનામુલ્યે સારવાર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત નિયામક આયુષની કચેરી ગાંધીનગર સંચાલિત સરકારી આર્યુવેદ સેકટર-૨૨ ગાંધીનગર દ્વારા વિનામુલ્યે નિદાન અને સારવાર, સ્વાઈન ફલુ પ્રતિરોધક પેય તથા ડેન્ગ્યું, ચિકન ગુનિયા પ્રતિરોધક હોમિયોપેથીક સારવાર કેમ્પનું આયોજન તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સેકટર-૨ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર ખાતે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ડો. મહેશ પરમાર અને ડો.જયેશ પટેલ, આદીવાડા રામદેવપીર મંદિર પાસે બપોરે ૧ થી ૩ કલાક દરમિયાન ડો. મહેશ પરમાર, ડો.જયેશ પટેલ અને રાકેશ ભટ્ટ, તેમજ રામજી મંદિર શાહપુર ખાતે બપોરે ૪ થી સાંજના ૭ કલાક દરમિયાન ડો. મહેશ પરમાર, રાકેશ ભટ્ટ અને જયેશ પટેલ ફરજ બજાવશે.

# CMએ ફાઈલમાં એવું નોટીંગ કર્યું કે અધિકારી ઊભા થઈ ગયા અને ફટાફટ ઓર્ડર કરી દીધો

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

સચિવાલયમાં એક નિવૃત્ત ઓફિસર મળી ગયા. તેઓ તેમના કોઈ પ્રાઈવેટ કામ માટે એક ઓફિસરને મળવા આવ્યા હતા. છેલ્લા ચાર વર્ષથી તેઓ ધક્કા ખાઈ રહ્યાં છે પરંતુ તેમનું કામ પૂર્ણ થતું નથી. તેમણે કહ્યું હતું કે- ચીમનભાઈ પટેલની સરકાર હતી ત્યારે જે કામ થતાં હતા તે ભાજપની સરકારમાં થતાં નથી. ચીમનભાઈ એવા મુખ્યમંત્રી હતા કે જેઓ ફાઈલમાં લાંબું નોટીંગ લખતા હતા, પછી કોઈ અધિકારીની હિંમત છે કે ના પાડી શકે...!! એક કિસ્સામાં ઉર્જા વિભાગના અધિકારીએ ચીમનભાઈને ઘસીને ના પાડી દીધી કે સાહેબ આ કામ નહીં થાય, કેમ કે સરકારી નિયમ નથી. તેણે કારણો આપ્યાં... ચીમનભાઈએ કહ્યું-- ઓકે, તમે ફાઈલ મુકતા જાવ.. પછી ચીમનભાઈએ કારણો સાથે એક પાનાનું નોટીંગ લખ્યું અને છેલ્લે ઉમેર્યું કે ગુજરાતની જનતાના હિતમાં આ કારણોથી આ કામ થવું જોઈએ.. એ અધિકારીએ કારણો વાંચી ચીમનભાઈને સોરી બોલીને કહ્યું કે- જી સાહેબ, હવે આ કામ થઈ જશે... આવું જ ઉત્તમ નોટીંગ તત્કાલિન મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી તેમજ નાણામંત્રી વજુભાઈ વાળા તેમના સમયમાં કરતા હતા.

**આપણે પણ બીજા રાજ્યમાં આપણી ટીમને અભ્યાસ માટે મોકલી શકીએ છીએ**

**ગુજરાતમાં લેનસિસ્ટમ એકમાત્ર વિકલ્પ છે...**

ગુજરાતનો ટ્રાફિક નિયમન કરવા માટે લેન સિસ્ટમ સિવાય કોઈ વિકલ્પ નથી. દિલ્હી અને મુંબઈની જેમ સિસ્તબદ્ધ ટ્રાફિક નિયમન કરવું હોય તો ગુજરાતની પોલીસે વાહનોને લેનમાં રહેતા શિખવવું પડશે. અમદાવાદ વાહનોની ભરમાર વચ્ચે દબાયેલું છે. રસ્તે ચાલતા રાહદારીને ચાલવાની પણ જગ્યા મળતી નથી. માર્ગો પહોળા છે પરંતુ વાહનો આડેધડ ચાલે છે તેથી અકસ્માતો વધે છે અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. મુંબઈમાં વસતી વધારે છે, વાહનો વધારે છે છતાં ટ્રાફિક નિયમન જળવાઈ રહે છે તેનું કારણ ફરજીયાત લેનસિસ્ટમ છે. ગુજરાતમાં અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં તો લેન સિસ્ટમ હોવી જ જોઈએ કે જેથી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય નહીં. ગુજરાત સરકાર પાસે ટ્રાફિક પોલીસ ઓછી છે તેથી સ્કૂલના બાળકોને વોલિયેન્ટરી અમુક સમય સુધી ટ્રાફિક નિયમનની કામગીરી સોંપીને ટ્રાફિક નિયંત્રણમાં લઈ શકાય છે. આ બાળકો માર્ગો પર ઉભા રહી વાહનચાલકોને લેન સિસ્ટમની સમજ આપે, પછી જુઓ માર્ગો પર ક્યાંય ટ્રાફિક જામ નહીં સર્જાય અને અકસ્માતોનું પ્રમાણ પણ ઘટી જશે.

**આપણે હવે બીજા રાજ્યોમાં જવું જોઈએ...**

ગુજરાત સરકાર ક્યા પગલાંમાં પાછળ છે તે જોવા માટે રાજ્યના મંત્રીઓ અને અધિકારીઓને મહિનામાં ચાર દિવસ પાડોશી રાજ્યોમાં અભ્યાસ અર્થે મોકલવા જોઈએ, કેમ કે તો જ ખ્યાલ આવશે કે આપણે ક્યા ક્ષેત્રમાં પાછળ છીએ. નરેન્દ્ર મોદી કહે છે કે રાજ્યો વચ્ચે તંદુરસ્ત હરિફાઈ થવી જોઈએ. જો સાચી હરિફાઈ કરવી હોય તો આપણે પણ પાડોશી રાજ્યોની મુલાકાત લેવી જોઈએ. દેશના અલગ અલગ રાજ્યોમાં અલગ અલગ યોજનાઓ અમલમાં મૂકાતી હોય છે. પહેલાં એવું હતું કે બીજા રાજ્યના મંત્રીઓ અને ઓફિસરો ગુજરાતની મુલાકાતે આવતા હતા હવે આપણે ઊંધું કરવાની જરૂર છે. બીજા રાજ્યમાં સરકારનું ફંક્શનિંગ કેવી રીતે થાય છે તે જોવા માટે ગુજરાતે ટીમ બનાવીને મુલાકાત લેવી જોઈએ, કેમ કે ઈન્ડસ્ટ્રીય ડેવલપમેન્ટમાં મહારાષ્ટ્ર, તામિનાડુ, આંધ્રપ્રદેશ આગળ છે. સોલારમાં રાજસ્થાન આગળ છે. ઉદ્યોગોને મંજૂરી આપવામાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઝારખંડ અને ઉત્તરપ્રદેશ આગળ છે. આશ્ચર્યની બાબત એવી છે કે ગુજરાત મોડલના ભૂક્કા બોલી ગયા છે. મોદી સરકારે કરેલા કામોની માત્ર વાતો થાય છે, નવું શું આવ્યું, નવી કઈ યોજના મંજૂર થઈ તેનો કોઈ હિસાબ નથી. પ્રોજેક્ટ મંજૂર કરવામાં હવે તો બિહાર અને ઉત્તરપ્રદેશની સરકારો ગુજરાત કરતાં વધુ ફાસ્ટ અને ડિજીટલ બની ચૂકી છે.

**પ્રભારી મંત્રી હોય છે, પ્રભારી ઓફિસર હોય છે, તો પ્રભારી પોલીસને પણ મૂકો**

**અબતક ૨૦૪૪, આ છે આપણી પાર્ટીઓ...**

વિચારભેદ અને મનભેદ થતાં એક નવી પાર્ટીનો ઉદય થાય છે. આપણો દેશ લોકશાહીમાં માને છે. કોઈ નેતાને મનદુખ થાય એટલે નવી પાર્ટીનું ગઠન કરે છે. ભારતમાં એટલી બધી રાજકીય પાર્ટીઓ અસ્તિત્વ ધરાવે છે કે જેના કારણે દેશનો મતદાર મૂંઝવણ અનુભવી રહ્યો છે. દેશમાં સૌથી જૂની પાર્ટી કોંગ્રેસ છે અને તેની સ્થાપના ૧૮૮૫માં થઈ હતી. એ પછી ૧૯૨૫માં સીપીઆઈ અને ૧૯૬૪માં સીપીઆઈ-એમનો જન્મ થયો હતો. ભાજપનો જન્મ ૧૯૮૦માં થયો હતો. એ પછી ૧૯૮૪માં બીએસપી અને ૧૯૯૯માં એનસીપીનો ઉદય થયો હતો. કુલ ૬ પાર્ટીઓને નેશનલ પાર્ટી તરીકેનું બિરૂદ મળેલું છે. ભારતમાં હાલની સ્થિતિએ ૨૪ પાર્ટીઓ એવી છે કે જે દેશભરમાં ફેલાયેલી છે અને તેનું રેકગ્નાઈઝેશન સ્ટેટ પાર્ટી તરીકે થયેલું છે. બીજી તરફ એનરેકગ્નાઈઝ્ડ રજીસ્ટર્ડ પરંતુ નોટેબલ કહી શકાય તેવી પાર્ટીઓની સંખ્યા ૨૦૪૪ થવા જાય છે. આમ ભારતભરમાં કુલ ૨૦૭૪ પાર્ટીઓ ફેલાયેલી છે. પાર્ટીનો ગ્રોથરેટ ૧૭.૨૯ ટકા થવા જાય છે. આપણા હિન્દુસ્તાનના વિચારભેદ નેતાઓના ઉભા થયેલા વિચારમાં નવી નવી પાર્ટી બનતી ગઈ છે, જેના કારણે જ્ઞાતિવાદ અને વોટબેન્કની રાજનિતીએ જોર પકડ્યું છે.

**બીજાની લીટી નાની કરો તો જાણો શું થઇ શકે...**

"બીજાની લીટી નાની કરવાના ખ્વાબ જોતાં લોકો જ્યારે પોતાની લીટી બીજાના ભોગે મોટી કરે છે ત્યારે તે ભૂલે છે કે તેમની લીટી આખરે નાની થતી જાય છે." આ ઉક્તિ એટલા માટે યાદ આવે છે કે ભૂતકાળની સરકારમાં થયેલી પરેશાનીને બદલાની ભાવનાથી જોવામાં આવે ત્યારે શાસક પક્ષ માટે તે લીટી મોટી નથી બનતી પરંતુ તેમની લીટી નાની થતી જાય છે. કેન્દ્રમાં મોદી સરકાર છે. દેશમાં જ્યાં જ્યાં કોંગ્રેસ કે બિન ભાજપની સરકાર છે ત્યાં ત્યાં મોદી સરકારે પંજો માર્યો છે. સરકારને ડિસ્ટર્બ કરવા મોદી બ્રિગેડ કામે લાગી ચૂકી છે. કેરાલા, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ જેવા રાજ્યોમાં કેન્દ્રનો ચંચુપાત વધી ચૂક્યો છે. હવે ઉત્તરાખંડમાં હરિશ રાવતની સરકાર નિશાના પર છે. આ રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાદી દેવામાં આવ્યું છે ત્યારે સવાલ એ થાય છે કે કોંગ્રેસ મુક્ત ભારતના ખ્વાબ જોવામાં ભાજપ તેની સત્તાની લીટી નાની કરી રહી છે. બદલાની આ ભાવના સ્વાભિમાન નહીં પણ અભિમાનની ચરમસીમાએ છે...

**પ્રજા સાથે સીધા સંકળાયેલા વિભાગોની મોબાઇલ એપ્લિકેશન શરૂ કરવી જોઇએ**

**ઉદ્યોગ નહીં તો સરકાર તો ગ્રીનરી સર્જન કરે...**

ઉદ્યોગો હોય ત્યાં લીલોતરી હોવી જરૂરી છે. ગુજરાત હાઈકોર્ટના એક આદેશનું જો પાલન કરવામાં આવે તો ગુજરાતમાં પોલ્યુશન ઘટે અને આપણા ઉદ્યોગોને ખૂબસૂરતી પણ મળી શકે. ગુજરાતમાં પર્યાવરણનું જતન કરવા હાઈકોર્ટે રાજ્ય સરકારને હુકમ કર્યો હતો અને કહ્યું હતું કે ઔદ્યોગિક વિસ્તારો કે જીઆઈડીસી એસ્ટેટમાં બાગ અને બગીચા માટે ખુલ્લી જગ્યા છોડવી જોઈએ. આદેશ ઉત્તમ છે પરંતુ સરકારનો વિલપાવર હોવો જોઈએ. ગુજરાત હાઈકોર્ટે ગ્રીન પ્લોટ માટે મહત્વનો હુકમ કર્યો હતો અને કહ્યું હતું કે જે હેતુ માટે પ્લોટ રાખવામાં આવ્યો હોય તેનું વેચાણ કરશો નહીં. ઔદ્યોગિક વિસ્તારોમાં બાગ, બગીચા, હરિયાળી તેમજ ખુલ્લી જગ્યા રાખવા તેમજ ચોક્કસ ટકાવારી જાળવવા રાજ્ય સરકારે મજબૂત પોલિસી બનાવવાની આવશ્યતા પર અદાલતે ભાર પણ મૂક્યો હતો પરંતુ ગુજરાત સરકારે રૂપિયા કમાઈ લેવાના ઉદેશથી ગ્રીન પ્લોટ રાખ્યા નહીં અને બધે સિમેન્ટ-કોંક્રિટના જંગલો ઉભા કરી દીધા છે. ઉદ્યોગો પણ પોતાનું ઉત્પાદન વધારવા માટે ગ્રીનરીનું પ્રમાણ જાળવી રાખતા નથી.

**CM સાહેબ, પ્રભારી પોલીસ પણ હોવા જોઇએ...**

ગુજરાતના વિકાસ માટે સરકારે પ્રભારી મંત્રી અને પ્રભારી સચિવની જગ્યા શરૂ કરી છે. આ સિસ્ટમમાં મંત્રી કે અધિકારીને જે જિલ્લાના પ્રભારી બનાવવામાં આવે છે તેમણે તેમના જિલ્લાનો પ્રવાસ કરીને સરકારને રિપોર્ટ આપવાનો હોય છે. રાજ્યના એક સિનિયર આઈપીએસ ઓફિસરે કહ્યું હતું કે મંત્રી અને આઈએએસ ઓફિસરોને પ્રભારી બનાવી શકાતા હોય તો આઈપીએસ ઓફિસરોને કેમ બનાવવામાં આવતા નથી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પ્રત્યેક જિલ્લા અને તાલુકાને પણ લાગુ પડતી હોય છે. ઘણાં એવા આઈપીએસ ઓફિસરો હોય છે કે જેમની પાસે પુરતું કામ નથી તેમને પ્રભારી આઈપીએસ તરીકે નિયુક્ત કરી શકાય છે. પ્રભારી એટલે ડિસ્ટ્રીક્ટ ઈન્ચાર્જ ઓફિસર. પોલીસ ઓફિસરો પણ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં જોડવામાં આવતા હોય છે. પોલીસ ભવનના ઓફિસરોને પણ પ્રભારી બનાવી શકાય છે. જો કે ગુજરાતનો તાલુકા સરકારનો કન્સેપ્ટ ફેઈલ થયો છે. લોકો હવે તાલુકા કે જિલ્લાના કામો લઈને સીધા ગાંધીનગર આવી રહ્યાં છે, કારણ કે જિલ્લાસ્તરના વહીવટી તંત્રમાં કામો નહીં થતાં હોવાની ફરિયાદો વધી છે.

**સમસ્યાનું સમાધાન - મોબાઇલ એપ્સ...**

સરકારના વહીવટી તંત્રને શિથિલ થતું બચાવવા માટે પબ્લિક ડોમેઈનમાં રહેલા વિભાગોમાં જાહેર જનતા માટે મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવાની આવશ્યકતા છે. આ મોબાઈલ એપ્લિકેશન ફરિયાદ લઈને તેનો નિવેડો લાવી શકે છે. રાજ્યના મંત્રીઓ કે ઓફિસરો તેમના મેઈલ એકાઉન્ટમાં કોઈ રિપ્લાય આપતા નથી ત્યારે આવી એપ્સ લોકો માટે આશીર્વાદ સમાન સાબિત થાય તેમ છે. આ એપ્સમાં સરકારે જે તે વિભાગની માહિતી ફીડ કરીને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરવા ઓનલાઈન સિસ્ટમ શરૂ કરવી જોઈએ. રાજ્યના ગૃહ, શિક્ષણ, મહેસૂલ, શહેરી વિકાસ, પંચાયત, શ્રમ અને રોજગાર તેમજ ઉદ્યોગ વિભાગમાં એપ્સ શરૂ કરીને લોકોને ન્યાય આપવો જોઈએ. આમ થશે તો તે ગુજરાતનો પહેલો પ્રયોગ હશે. સરકારે વહીવટ સુધારવા તેમજ ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લેવા માટે અરજદારોને ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમનો સીધો લાભ આપવો જોઈએ. લોકો તેમની અરજીનો સમયસર નિકાલ થાય છે કે કેમ તે જોઈ શકે. ફાઈલ ક્યાં અટકી છે તે અરજદારને ખબર પડવી જોઈએ.